# તમે બદમાશો ભૂલી જાવ છો કે કાનૂનને પણ અક્કલ હોય છે

ઝવેરચંદ મેઘાણીનાં પુસ્તકોના સોરઠી બહારવટિયાઓના જમાનામાં જ સંભવે એમ એક લૂંટારો આગોતરો ફોન કરીને પડકાર કરે છે કે હું એક બેન્ક પાસે લૂંટ કરવાનો છું! તાકાત હોય તો મને રોકો! કાનૂનવાળા એને નથી રોકી શકતા પરંતુ લૂંટ કરનારનું જે વર્ણન મળે છે, એ મુજબનો આદમી તો નિર્દોષ છે! લૂંટારાએ તેના જેવો ચહેરો ચીતર્યો છે! એટલે શરૂ થાય છે મૂળ બદમાશ પાછળની દોડ...

જા બિલ્લી મોભામોભ-3

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

૪

ટુ જેટલી પોતાના જ શબ્દોની જાળમાં ફસાઈ ગયો હતો. એટલે આખરે એ બોલ્યો, 'ધારો કે હું બળદેવ અનાવિલને ઓળખતો હોઉં... તો શું?'

'તો તારે થોડાક સવાલોના સાચા જવાબ આપવા પડશે,' અજયે પોલાદી સ્વરે કહ્યું. 'દાખલા તરીકે બળદવેને તને ટીકુ ટેણિયા નામના એક લુખ્ખાને મળવાનું સોંપ્યું હતું કે નહિ?'

'એ કોણ?'

'કદાચ બળદેવે તને એનું નામ કહ્યું નહિ હોય. દૂરથી જ એણે એ માણસ ચીંધી બતાવ્યો હશે. પણ એણે તને એક કામ સોંપ્યું હતું ખરું. કાળા પાટલૂન, ટૂંકા વાળ અને ડાબે ગાલે આંખ નીચે કાળા ચકામાવાળા એ માણસને તારે વાતે વળગાડવાનો હતો અને પછી કહેવાનું હતું કે નરોડા રોડ પર એક કારખાનામાં ભારે પગારે માણસો રાખવાના છે અને એ કારખાને આજે અગિયાર વાગે જવાનું કહેવાનું છે. બરાબર?'

જેટલી તો મૂંગોમંતર બની ગયો. જાણે કોઈકે જાદુ કરીને એની જીભ સીવી લીધી હોય! આખરે એ માંડ માંડ બોલ્યો, 'સાહેબ, આટલી બધી વિગતવાર ખબર તમે શી રીતે મેળવી?'

'તમે બદમાશો ભૂલી જાવ છો કે કાનૂનને પણ અક્કલ હોય છે! ખેર, તું કબૂલ કરે છે ને કે બળદેવના કહેવાથી તેં પેલા માણસને નોકરીની વાત કરી હતી?'

જેટલીએ માથું હલાવ્યું. સાથે આજીજી કરી, 'સાહેબો! તમે બળદેવને આ વાત જાણવા ન દેતા, નહિતર એ મને મારી નાખશે. એણે તો કહેલું કે પોતે એક દોસ્ત ઉપર ખાનગીમાં ઉપકાર કરવા માગે છે.'

'ખરો ઉપકાર! એ દોસ્તને કમાણી કરવાની ચિંતા જ ન રહે એવો ઉપકાર! એ દોસ્ત સીધો સરકારી મહેમાન બની જાય!' અજયે હસીને કહ્યું. પછી પૂછ્યું, 'આજકાલ બળદેવનો દેખાવ કેવોક છે?'

'હંમેશના જેવો જ વળી!' જેટલી બોલ્યો. પછી એણે ઉમેર્યું, 'જો કે હમણાં હમણાં એણે માથા પર ટોપી પહેરવા માંડી છે- પેલા મુલાયમસિંગ યાદવ જેવી!'

અજય બબડ્યો, 'ટોપી તો પહેરવી જ પડશે ને?'

'શું કહ્યું?'

'કશું નહિ? હવે બોલ, બળદેવ ક્યાં મળશે?'

'મને ખબર નથી, સાહેબ. પણ મારી એક અરજ છે. બળદેવ મળે તો કહેશો નહિ કે મેં તમને કશી માહિતી આપી છે. એ બહુ ખારીલા સ્વભાવનો માણસ છે,' જેટલી ધ્રૂજતે સ્વરે બોલ્યો.

'બળદેવ આજકાલ કાંઈ બહુ ધનવાન દેખાતો હતો ખરો?' જેટલીના રોતલવેડાને ધ્યાનમાં લીધા વગર અજયે આગળ પૂછ્યું.

'ના, પણ ધનવાન બનવાની કશીક મોટી બાજી ગોઠવતો હોય એમ લાગેલું. આજે સવારમાં જ શાહીબાગ તરફથી કોઈકની મોટરગાડી ચોરી લાવેલો.'

'અચ્છા? કેવી હતી એ મોટરગાડી?'

'લાલ રંગની હતી... સુઝુકીની ગાડી નવું મોડલ.'

'મેં બહુ મોડું પૂછ્યું!' બોલતા અજય એકદમ ઊભો થઈને બહારની બાજુ વળ્યો. દિનકર અને રાધિકા સમજી ગયાં કે ખરાખરીનો ખેલ હવે શરૂ થાય છે. તેઓ પણ ઉતાવળે ડગલે અજયની પાછળ ચાલ્યા.

એમની પાછળ જટુ જેટલી રોતલ અવાજે પોકારી ઊઠ્યો, 'સાહેબ, એમને તો મારું નામ દેતા નહિ!'

પણ એનું વાક્ય પૂરું થતાં પહેલાં તો અજય રેસ્ટોરાંની બહાર નીકળી ચૂક્યો હતો. દિનકર અને રાધિકા પણ બહાર નીકળી આવ્યાં. રોડ પર ઊભેલી પોલીસ વાનમાં કૂદતાં જ અજયે ઉતાવળે અવાજે દિનકરને સૂચવવા માંડ્યું, 'જલદી કર, દિનકર... અહીંથી દક્ષિણ તરફના બધાં પોલીસ સ્ટેશનોને અને રોડ પેટ્રોલ વાનોને જાણ કરી દે કે લાલ રંગની નવા મોડેલની સુઝુકીની બધી ગાડીઓને રોકીને તપાસ કરે. અમે ઓનલાઈન એક ફોટો મોકલીશું. એ બળદેવ અનાવિલ નામનો માણસ જણાય તો એની અટકાયત કરે.'

'અને આપણે શું કરીશું?' રાધિકાએ પૂછ્યું.

અજયે સૂચવ્યું, 'મને રસ્તામાં ક્યાંક ઉતારીને તમે બંને દક્ષિણ ગુજરાત તરફ ગાડી ભગાવો.'

દિનકર પૂછવા લાગ્યો 'તને શા પરથી લાગે છે કે બળદેવ દક્ષિણ તરફ...'

પરંતુ અજયે એને વચ્ચે જ અટકાવતાં કહ્યું, 'અત્યારે ઝાઝી વાતોનો અવકાશ નથી, જુઓ, હું અહીં આસ્ટોડિયા દરવાજા ઊતરી જાવ છું. તમે જલદી મુંબઈની દિશા પકડો!'

દિનકરને અને રાધિકાને વિદાય કરીને અજય એક રિક્શામાં બેસીને ડિટેક્ટીવ ઓફિસે પહોંચ્યો. ત્યાં બેસીને એણે વળી કેટલાંક ફોન જોડવા માંડ્યા. એને એક વાતનો સંતોષ હતો કે સંદેશા વ્યવહારના નવાં સાધનોને પ્રતાપે થોડી મિનિટોમાં જ વાવથી વાપી સુધીનું ગુજરાત સાબદું થઈ શકે છે. દક્ષિણ દિશામાં તો લાલ રંગની સુઝુકીની દરેક નવી ગાડી રોકાવા લાગી હશે!



જો કે હજુ બળદેવ અનાવિલનો પત્તો લાગ્યો નહોતો. અજયે પોલીસ કમિશનરને અત્યાર સુધીના કામનો અહેવાલ આપવા માંડ્યો.

એકાએક એના ફોનમાં ઈનકમિંગ કોલની નિશાની ઝળકી. અજયે કમિશનરની રજા લઈને નવું જોડાણ સાધ્યું. ત્યાં તો સામેથી કશા પ્રાથમિક હાય હલો વગર અવાજ આવ્યો, 'તમે હહરીના પોલીસવાળા છો જ નકામા! હવે જુઓ: ટીકુ ટેણિયો બપોરે બાર વાગે મણિનગરની એક બેન્ક લૂંટહે. હાજર રહેજો! હા, હા, હા!'

અજયે તરત જ એ ફોનનું ટ્રેસિંગ માગ્યું. જણાયું કે આ ફોનનું ટ્રેસિંગ વડોદરાથી અમદાવાદ તરફનું છે! એનો અર્થ એમ થાય કે બળદેવ વડોદરાથી આગળ દક્ષિણ તરફ જવાને બદલે પાછળ વળ્યો છે! સંભવ છે કે એ મણિનગરનું પેલું કામ પતાવવા માગતો હોય!

અજયે તરત જ કમિશનર ઓફિસે ફોન કરીને એક પેટ્રોલ વાન બોલાવી લીધી અને વડોદરાના એક્સપ્રેસ વે નાકે પોલીસવાળા ગોઠવી દીધા.

એ લોકોએ લાંબી રાહ જોવી ન પડે. તેઓ વડોદરા બાજુથી આવતી દરેક ગાડી ઊભી રખાવીને પેસેન્જરોને તપાસતા હતા. હવે તો દરેક જણ પાસે બળદેવની તસવીર આવી ગઈ હતી. એકાએક એક નવી ગાડી વડોદરા તરફથી અસામાન્ય ઝડપે દોડી આવી. એણે ટોલ નાકાની આડશને પણ ટક્કર મારીને તોડી નાખી. એણે ગાડી વણઅટકયે દોડાવ્યે રાખી.

હવે અજયે પણ સાથીઓ સાથે પેટ્રોલ વાનમાં કૂદીને એનો પીછો કર્યો. એમણે જોયું કે ભાગેડુએ અમદાવાદ તરફનો રસ્તો છોડીને સૌરાષ્ટ્રવાળો રસ્તો પકડ્યો છે. પેટ્રોલ વાને પણ એનો પીછો કર્યો.

બળદેવને ખબર નહિ કે રસ્તાની એ બાજુ પર આગળ કામ ચાલતું હતું. રસ્તો બંધ હતો અને ડાઈવર્ઝન એ ઉતાવળમાં ચૂકી ગયો હતો. એણે જોરથી બ્રેક મારીને ગાડી ઊભી રાખવી પડી. પેટ્રોલ વાન પણ એવી જ રીતે આવીને એની પાછળ ઊભી રહી.

હવે બળદેવ મરણિયો બન્યો. એણે ગાડીમાંથી કૂદીને ગોળીબાર શરૂ કર્યા. પેટ્રોલ વાનના ડ્રાઈવર અને અજય સાવધ હતા. એકદમ નીચા નમી ગયા. બળદેવની ગોળી ખાલી ગઈ. આ વેળા ડ્રાઈવરે ગજબનું સાહસ દાખવ્યું. એણે માથું સાવ નીચું રાખીને ગાડી તો દોડાવ્યે રાખી.

**હવે બળદેવ મરણિયો બન્યો. એણે ગાડીમાંથી કૂદીને ગોળીબાર શરૂ કર્યા. પેટ્રોલ વાનના ડ્રાઇવર અને અજય સાવધ હતા. એકદમ નીચા નમી ગયા. બળદેવની ગોળી ખાલી ગઇ. આ વેળા ડ્રાઇવરે ગજબનું સાહસ દાખવ્યું. એણે માથું સાવ નીચું રાખીને ગાડી તો દોડાવ્યે રાખી**

આ દરમિયાન બળદેવે ત્રણ વિશેષ ગોળીઓ છોડી, બીજી બાજુ પેટ્રોલ વાન બળદેવની ચોરાઉ કારની સાવ નજીક પહોંચી, એટલે ટક્કર ટાળવા માટે આ લોકોએ પણ ગાડી ખડી કરવી પડી.

હવે અજયે નવી યુક્તિ કરી. વાનમાં પડેલી પોલીસ કેપ પોતાની રીવોલ્વરને પહેરાવીને એ વાનની બીજી બાજુ નીચે ઉતર્યો. મરણિયા બળદેવે વળી ધડાધડ બે ગોળીઓ ટોપી પર છોડી!

આમ, એની છયે ગોળીઓ ખલાસ થઈ ગઈ. એટલે અજયે વાનના ડ્રાઈવરને મોટેથી સૂચના આપી. ગાડી આગળ ધપાવો!'

વાન આગળ વધી એટલે બળદેવે વળી એના પર ગોળીબાર કરવા ધાર્યું. પણ ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે ગોળીઓ તો ખલાસ છે! અને પોલીસ વાને તો એની બંધ ઊભેલી ગાડીને ધક્કેલવા માંડી! બળદેવ એ ધસારાથી બચવા રોડની ધાર પર પાછો ખસવા લાગ્યો અને... અને ચોમાસાને કારણે ભીની થયેલી રસ્તાની ધારની માટી પર એનો પગ લપસ્યો. ગબડ્યો. ઊંડી ખાઈ ભણી લપસવા લાગ્યો. જો કે ત્યાં ધાર પર ઊગેલા એક ઝાડનું પાતળું થડ એણે પકડી લીધું. એણે ચીસો પાડવા માંડી 'બચાવો! બચાવો!'

પેટ્રોલ વાનમાંથી એને ડ્રાઈવર ઊતર્યો. એય પોલીસ અફસર. એણે આગળના ખાનામાંથી હાથકડીઓ લીધી અને રસ્તાની ધાર પર જઈને એ હાથકડીઓ નીચે લંબાવી અને... અને દુનિયાના ઈતિહાસમાં કદાચ પહેલી જ વાર એક ગુનેગાર બહુ આતુરતાપૂર્વક હાથકડી ઝાલી!!

અજય ખડખડાટ હસ્યો. 'બળદેવ! જગતના સૌ ગુનેગારો હાથકડીઓને આટલું હેત કરે તો સમાજની કેટલી બધી સમસ્યાઓ ઉકલી જાય!'

---

આ પછી બે-એક કલાકે બળદેવને નવરંગપુરા પોલીસ સ્ટેશનની ઓરડીમાં પૂરીને ગુનાશોધકો નિરાંતે ચા પીવા બેઠા ત્યારે દિનકરે પૂછ્યું, 'ગુનેગાર બળદેવ છે એવી ખાતરી તને શી રીતે થઈ, અજય?'

**(વાચકમિત્રો, પ્રમાણમાં સરળ એવી આ વાર્તાના અંતિમ પ્રશ્નનો જવાબ તમને તરત સૂઝશે. છતાં અમે આગામી અઠવાડિયે અજયનો જવાબ લખીશું)**